અપીલ અરજી નં.૨૯૩ થી ૨૯૯ તા.૨૬–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મેહુલ વી પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મેહુલ વી પટેલની અપીલ અરજી નં.૨૯૩ થી ૨૯૯ બાબતે તા. ૧૭–૮–૧૧ની અરજીથી પ્લોટ નં–૬, ૫/એ, ૯/એ,૧૧૪,૧૨, ૧૧૧,સર્વે નં.૭ મહાપ્રભુનગર,લીંબાયતનું બાંધકામ કાયદેસર છે કે નહીં તથા ૭૯/૮૦ આઈશ્રી ખોડીયારનગર ઉપરનું બાંધકામ ઉપરનો ટાવર કાયદેસર છે કે ગેરકાયદેસર? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૯૩ થીર૯૯ / ૨૦૧૧–૧૨

શ્રી મેહુલ વી પટેલની અપીલ અરજી નં.૨૯૩ થી ૨૯૯ બાબતે તા. ૧૭–૮–૧૧ની અરજીથી પ્લોટ નં–૬, ૫/એ, ૯/એ,૧૧૪,૧૨, ૧૧૧,સર્વે નં.૭ મહાપ્રભુનગર,લીંબાયતનું બાંધકામ કાયદેસર છે કે નહીં તથા ૭૯/૮૦ આઈશ્રી ખોડીયારનગર ઉપરનું બાંધકામ ઉપરનો ટાવર કાયદેસર છે કે ગેરકાયદેસર? તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૬– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. ઉપરોકત સાત અપીલના અરજદાર અને જાહેર માહિતી અધિકારી સરખા હોઈ તેમજ અરજીનું વિષય વસ્તુ સંબધિત માહિતી સરખી હોઈ સાતેય અપીલ અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિસ્તારના વર્ણન આધારે પ્લાન મંજુરી રજીસ્ટર તેમજ ટી.પી.સ્કીમની વેબ પર મુકેલ વિગતે માહિતી ઓળખ કરી આપી શકાય કે કેમ ? તેવો પ્રયત્ન કરેલ છે ? સ્પષ્ટતા તથા દફતરી હકીકત સ્પષ્ટ કરવા અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૮ થી ૮૯૪ તા.૫–૧૦–૧૧ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને સાત સરખા પ્રકારની અરજીઓ અંગે આપે જાહેર માહિતી અધિકારીના તા. ૧૬–૯–૧૧ના પત્ર અન્વયે સીવીક સેન્ટર કે ઝોન કચેરીનો સંપર્ક કરી સ્પષ્ટતા કરી માહિતી મેળવવા પ્રયાસ કરેલ છે કે કેમ ? તે જણાવવા તથા રે.સ.,ટી.પી. ,ફા.પ્લોટ નં. તેમની કક્ષાએ હોય તો રજુ કરવા તથા મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૭–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારેનિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૬–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામા આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ નં.૨૯૩ અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૮૮૮ તા.૨૬–૯–૧૧, અપીલ નં. ૨૯૪ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૮૯૨ તા.૨૬–૯–૧૧, અપીલ નં.૨૯૫ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં. ૧૮૮૯ તા.૨૬–૯–૧૧, , અપીલ નં.૨૯૬ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૮૭૮ તા.૨૬–૯–૧૧, , અપીલ નં.૨૯૭ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૮૭૯ તા.૨૬–૯–૧૧, અપીલ નં.૨૯૮ પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/ આ.નં.૧૮૯૭ તા.૨૬–૯–૧૧, અપીલ અરજી નં.૨૯૯ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં.૧૮૦૧ તા.૧૬–૯–૧૧, થી " માંગેલ માહિતીના સ્થળ અંગે ટીપી સ્કીમ નંબર ફાયનલ પ્લોટ નંબર સહિતની વિગત જણાવ્યેથી માહિતી આપી શકાશે. તેવું જણાવેલ. જયારે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૮ તા.૫–૧૦–૧૧ થી સાત સરખા પ્રકારની અરજીઓ અંગે તેમણે જાહેર માહિતી અધિકારીના તા. ૧૬–૯–૧૧ના પત્ર અન્વયે સીવીક સેન્ટર કે ઝોન કચેરીનો સંપર્ક કરી સ્પષ્ટતા કરી માહિતી મેળવવા પ્રયાસ કરેલ છે કે કેમ ? તે જણાવવા તથા રે.સ.,ટી.પી., ફા.પ્લોટ નં. તેમની કક્ષાએ હોય તો રજુ કરવા તથા મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાનમાં અરજદાર તરફથી માંગેલ સ્પષ્ટતા બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. અરજી તથા અપીલની વિગતો જોતાં અરજદારે સ્થળ, રે.સ.નં તથા પ્લોટ નંબરની વિગત દર્શાવેલ જણાય છે. તેના પરથી માહિતી આપવા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પ્રયત્ન થયેલ જણાતો નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે પૂરક વિગતો અને પક્ષ રજૂ કરવા જણાવવા છતાં કોઈ વિગતો રજૂ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અંગે અરજદારે પૂરી પાડેલ વિગતો આધારે અને જો તે અપર્યાપ્ત જણાતી હોય તો અરજદારને દિન–૭ માં કચેરી કામકાજ દરમ્યાન સંપર્ક કરવા જણાવી સ્પષ્ટતા મેળવી સાતેય અરજીથી માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મેહુલ વી પટેલ,